



## અક્ષય તૃતીયામાં કુદરતી
# સાચાં રત્નો ખરીદવાં
## અને ધારણ કરવાં તે ખૂબ જ લાભદાયક છે

અક્ષય તૃતીયાના દિવસે સોનું ખરીદવું તો શુભ માનવામાં આવે જ છે પરંતુ આ દિવસે રત્ન ખરીદવું પણ બહુ જ લાભદાયક હોય છે. એવું માનવામાં આવે છે કે, આ દિવસે ખરીદવામાં આવેલા કુદરતી અને અસલી રત્ન જીવનમાં સકારાત્મક ઊર્જા, સુખ-સમૃદ્ધિ અને સફળતા અપાવે છે. જો સાચું રત્ન સાચી બરાબર વિધિપૂર્વક ધારણ કરવામાં આવે તો તેનો પ્રભાવ લાંબા સમય સુધી રહે છે. આજકાલ મહારાજો રત્નો ઉપર પ્રાણ-પ્રતિષ્ઠા કર્યા વગર જે તે રત્નના નંગ પર ફક્ત તેના જાપ કરે છે અને પૂજા કરીને આપે છે... તેનાથી બિલકુલ રિઝલ્ટ જોવા મળતું નથી હોતું. કારણકે રત્ન તમોને સાચું કહીને, સર્ટિફિકેટ સાથે આપ્યું હોય તેથી તમોને વિશ્વાસ પડ્યો હોય... પરંતુ આ રત્ન ખરીદેલું વિશ્વાસ નથી, પણ વિશ્વાસઘાત છે. બજારમાં ઘણાં નકલી રત્નો મળતાં થઈ ગયાં છે. તેમાં કલર નાખીને હીટ કરીને લાલ, લીલો, પીળો વગેરે હીટેડ-ટ્રીટેડ નંગો મળે છે. ગુરુના ડુપ્લિકેટ જીએફ પણ મળે છે. તે કુદરતી અસલ ખાણના નથી હોતાં અને તેના તમે હજારો રૂપિયા વેપારીને પધરાવી દેતા હો છો. બીજી તરફ એ વેપારીને પાંચસો સાતસો રૂપિયામાં આખું નંગ પડ્યું હોય છે... તે તમોને એક કેરેટના ચાર-પાંચ હજાર રૂપિયા ગણાવીને પંદર પચાસ હજાર કે તેથી વધુ રૂપિયા પડાવી લે છે!! તેથી કુદરતી સાચા નંગો જ પહેરવાના આગ્રહ રાખો તેમ જ વિશ્વાસપાત્ર કે જાણકાર પાસેથી જ લેવાં. પીળું એટલું સોનું નથી હોતું. પીળા રંગનો નંગ ગુરુનો નથી હોતો, પણ તેઓ તમને ગુરુ બનાવી દે છે! બેન્કોક, ઓરિસ્સા, જીએફ વગેરે નંગો સાચા નથી હોતાં. હંમેશા ગુરુનો નંગ અસલ શિલોની લેવો. બુધનો નંગ ઝામ્બિયન સારું રિઝલ્ટ આપે છે. જ્યારે શનિનો નંગ નિલમ પણ શિલોની જ રિઝલ્ટ આપે છે, કારણ કે તે કુદરતી નંગો છે... કૃત્રિમ નથી. કૃત્રિમ નંગો પારદર્શક હોય છે, જ્યારે ખાણમાંથી પ્રાપ્ત થતાં નંગોમાં કુદરતી રીતે તેની અંદર, માટી, જીરમ, દૂધક વગેરે હોય છે. આ પાવન દિવસ પર કેટલાંક વિશેષ રત્નોને ખરીદવા તેમ જ ધારણ કરવાં બહુ જ શુભ હોય છે.

**જડીબુટ્ટી**

**નજુમી**

**“ અખાત્રીજના પાવન અવસર પર લોકો સોનું-ચાંદી ખરીદે છે... પરંતુ જિંદગીમાં સમસ્યાઓ સામે ઝઝૂમતી વ્યક્તિઓએ આ દિવસે સાચાં રત્નો ખરીદીને કે ધારણ કરીને ઝડપથી સુખી થઈ જવું જોઈએ, ખોટા નંગના ખોટાં સર્ટિફિકેટો લઈને તમે છેતરાવ છો.. પોખરાજ, પન્ના, માણેક, મોતી વગેરે સાચા નંગ અને તેની આભા જૂદી જ હોય છે! તેથી તમારે સુખી થવું છે કે દુકાનદારને સુખી કરવો છે તે સમજવાની જરૂર છે ”**

**પોખરાજ (ગુરુ)**



ગુરુ ગ્રહથી જોડાયેલું તે રત્ન છે. ધન, જ્ઞાન અને ભાગ્યનું રત્ન માનવામાં આવે છે. અક્ષય તૃતીયા પર પોખરાજ ખરીદવાથી આર્થિક સ્થિતિ મજબૂત થાય છે અને જીવનમાં સ્થિરતા આવે છે. પોતાનું કેરિયર તેમજ શિક્ષણમાં જે લોકો ઉન્નતિ ઈચ્છે છે તેમના માટે આ રત્ન ખાસ કરીને સારું માનવામાં આવે છે.

**પન્ના (બુધ)**



બુધ ગ્રહનું રત્ન પન્ના છે. તે બુદ્ધિ, સંચાર અને વેપારમાં સફળતા અપાવવામાં મદદ કરે છે. અક્ષય તૃતીયાના દિવસે પન્ના ખરીદવું તે ‘વેપારીઓ’ અને ‘વિદ્યાર્થીઓ’ માટે ઘણું જ શુભ માનવામાં આવે છે. તે માનસિક શાંતિ અને એકાગ્રતા વધારવામાં ખૂબ મદદરૂપ થાય છે.

**નીલમ (શનિ)**



શનિ ગ્રહનું રત્ન નીલમ છે, જે ઘણું જ પ્રભાવશાળી અને તેજ અસર આપે છે. અક્ષય તૃતીયા પર નીલમ ખરીદવાથી જીવનમાં ઝડપથી સકારાત્મક બદલાવ લાવી શકાય છે. પરંતુ તેને પહેરતાં પહેલાં કોઈ જાણકારની સલાહ લેવી જરૂરી છે.

**માણેક (સૂર્ય)**



સૂર્ય ગ્રહનું રત્ન માણેક છે, જે આત્મવિશ્વાસ, નેતૃત્વ અને સન્માન વધારવામાં મદદ કરે છે. આ દિવસે માણેક ખરીદવાથી કેરિયરમાં આગળ વધવા તેમ જ સમાજમાં માન-સન્માન મેળવવા માટે તેને ઘણો સારો માનવામાં આવે છે.

**મોતી**



ચંદ્ર ગ્રહથી જોડાયેલું રત્ન મોતી છે. તે મનને શાંત કરે છે. અક્ષય તૃતીયાના દિવસે મોતી ખરીદવાથી માનસિક સંતુલન અને ભાવનાત્મક સ્થિરતા માટે લાભકારક હોય છે.

**રત્ન ક્યું પહેરવું તે કઈ રીતે નક્કી કરવું?**

અક્ષય તૃતીયા પર રત્ન ખરીદતાં સમયે કેટલીક વાતોનું ધ્યાન રાખવું જોઈએ. હંમેશા કુદરતી, અસલી તેમ જ પ્રમાણિત રત્ન જ ખરીદો. પોતાની રાશિ કે કુંડળી અનુસાર રત્ન પસંદ કરવાં તે સારું રહે છે, કારણકે તેનો પૂરો લાભ મળી શકે.

રત્નને ધારણ કરતાં પહેલાં સાચી વિધિ અને શુભ મુહૂર્તનું ધ્યાન રાખવું. જો શક્ય હોય તો કોઈ જાણકાર જ્યોતિષીની સલાહ જરૂર લેવી જોઈએ. ઘણાની આંગળીઓમાં ખોટાં રત્નો જોવા મળે છે. આ રત્નો નકલી હોય છે. છતાં તે રત્નોને તેઓ સોનામાં પહેરે છે પરંતુ તેનું રિઝલ્ટ ઝીરો-ઝીરો મળે છે. મોતી પણ પ્લાસ્ટિકના અને નકલી મળે છે જે ઘણાં લોકો મગજ-મનની શાંતિ માટે જાતે જ ગમે ત્યાંથી મોતી પહેરી લે છે. પરંતુ તે અસલી મોતી નથી હોતું.

# અખા ત્રીજમાં આર્થિક સ્થિતિ સુધારતા ધનદાયક અસરકારક પ્રયોગો



વૈશાખ સુખ ત્રીજ તિથિનો આરંભ 19 એપ્રિલ 2026ના રોજ સવારે 10 વાગ્યા ને 49 મિનિટ પર થશે અને તે તિથિની સમાપ્તિ 20 એપ્રિલ 2026ના રોજ સવારે 7 વાગ્યા ને 27 મિનિટે થશે. ઉદયા તિથિ અનુસાર અક્ષય તૃતીયાનું પર્વ 19 એપ્રિલ 2026ના રોજ ઉજવાશે.

### અક્ષય તૃતીયા પર સોનું કેમ ખરીદવું જોઇએ? સોનું ખરીદવાનું મહત્ત્વ શું છે?

અક્ષય તૃતીયા પર સોનું ખરીદવું સૌથી વધારે જાણીતી પરંપરા છે. આ દિવસે માતા લક્ષ્મી અને ભગવાન વિષ્ણુ ખાસ ખુશ હોય છે. એટલા માટે લોકો આ દિવસે સોના-ચાંદી ખરીદે છે. નવા કાર્ય શરૂ કરે છે અને દાન-પુણ્ય કરે છે. અક્ષય તૃતીયા અત્યંત શુભ અને પવિત્ર તહેવાર છે, જેને અખા ત્રીજના નામથી ઓળખાય છે. અક્ષય શબ્દનો અર્થ છે જેનો ક્યારેય ક્ષય એટલે કે નાશ ના થાય. આ દિવસે કરેલાં શુભ કાર્યો, દાન, ખરીદી અને પુણ્યનું ફળ અનંત અને કાયમી હોય છે. અક્ષય એટલે કે અવિનાશી ફળ મળે છે.

### સોનું ખરીદવાનું શુભ મુહૂર્ત

સોનું ખરીદવાનો સૌથી સારો સમય તા. 19 એપ્રિલે 10:49 વાગ્યાથી બપોરે 12:20 વાગ્યા સુધી છે. આ સિવાય તમે આખા દિવસ ત્રીજની તિથિમાં ખરીદી શકો છો. જો મુખ્ય મુહૂર્ત છૂટી જાય ત્યારે પણ દિવસભર ખરીદી શુભ માનવામાં આવે છે.

### સોનું ખરીદવું શુભ કેમ માનવામાં આવે છે?

અક્ષય શબ્દનો અર્થ થાય છેઃ જે ક્યારેય પૂરું ના થાય. સોનું ખરીદવાથી કાયમી ધન અને સમૃધ્ધિ આવે છે. તે સારી અને સફળ શરૂઆતનું પ્રતીક છે. કેટલાંય પરિવારો તેને વર્ષનું પહેલું રોકાણ માને છે. આ વિશ્વાસના કારણે અક્ષય તૃતીયા પર સોનું ખરીદવું ખાસ માનવામાં આવે છે.

### અક્ષય તૃતીયાનું આધ્યાત્મિક મહત્ત્વ

આ દિવસે સંકળાયેલી કેટલીક ધાર્મિક માન્યતાઓ છે. જેમ કે ભગવાન પરશુરામનો જન્મ, ત્રેતા યુગની શરૂઆત અને મહાભારતના અક્ષય પાત્રની કથા વગેરે. આ દિવસ નવા કામની શરૂઆત, સારાં કર્મ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે અત્યંત શુભ માનવામાં આવે છે.

### ધનપ્રાપ્તિના ઉપાય

આ દિવસે ધનની દેવી લક્ષ્મીજીની પૂજા કરવી તથા દાન-પુણ્ય અને શુભ કાર્ય કરવાથી કદી નષ્ટ નથી થતું.

### તિજોરીમાં લાલ કપડું મૂકવું

અક્ષય તૃતીયાના દિવસે તમારી તિજોરીમાં કે પૈસા મૂકવાની જગ્યાને સાફ કરવી. પછી ત્યાં એક નવું લાલ કે પીળું કપડું પાથરવું. તમે આ કપડા પર દેવી લક્ષ્મીનો ફોટો કે પ્રતીક રૂપે રાખી શકો છો. તેનાથી ઘરમાં ધનનો પ્રવાહ વધશે અને ધન સ્થિર રાખવું પણ સરળ થઈ જશે.

### ચાંદીનો સિક્કો

અક્ષય તૃતીયાના દિવસે એક ચાંદીનો સિક્કો ખરીદવો અને દેવી લક્ષ્મીના મંત્રોના જપ કરતાં કરતાં તિજોરી કે પૂજા સ્થળ પર સ્થાપિત કરો. તે ધનમાં વૃધ્ધિ કરવામાં તથા સમૃધ્ધિ અને સૌભાગ્ય લાવવામાં મદદરૂપ થાય છે.

### પીળા રંગની કોડીઓ

11 પીળા રંગની કોડીઓને હળદરમાં પલાળીને તિજોરી કે પૂજા સ્થળ પર મૂકવી. આ દરમિયાન નિયમિત રીતે ઓમ શ્રીમ્ મહાલક્ષ્મ્યૈ નમઃ મંત્રનો જાપ કરવો સૌથી ઉત્તમ માનવામાં આવે છે. તેનાથી ઘરમાં ધન, સમૃધ્ધિ અને શુભ પરિણામ મળે છે.

### તિજોરીમાં ધાન અને પીળું ભૂસું મૂકવું

નાણાંકીય સ્થિરતા અને સમૃધ્ધિ સુનિશ્ચિત કરવા માટે એક લાલ કપડામાં થોડુંક અનાજ (ડાંગર) અને પીળું ભૂસું મૂકીને તેને તિજોરી કે પૂજા સ્થળ પર મૂકવું. તે ધનનું રક્ષણ કરે છે અને તેનો મહિમા જાળવી રાખવામાં મદદ કરશે.

### તિજોરીની સફાઇ

અક્ષય તૃતીયાના દિવસે તિજોરીની અંદર સ્વચ્છ પાણી, ગુલાબ જળ કે ગંગા જળથી લૂછીને પવિત્ર અને સ્વચ્છ કરવી જોઇએ. દેવી લક્ષ્મી એક સાફ, સ્વચ્છ અને વ્યવસ્થિત તિજોરીમાં વાસ કરે છે અને ઘરમાં સૌભાગ્ય, શાંતિ તથા સમૃધ્ધિ લાવે છે.

### કમળની માળા

દેવી લક્ષ્મીને ખુશ કરવા માટે તિજોરી અથવા પૂજા સ્થળ પર કમળની માળા મૂકવી સૌથી ઉત્તમ માનવામાં આવે છે. આ માળા ધનસમૃધ્ધિ અને સૌભાગ્યમાં વધારો કરવામાં મદદરૂપ થાય છે.



**“ આજે મોંઘવારીમાં રૂપિયા પૈસા ટકાવવા અઘરા છે ત્યારે અખાત્રીજ જેવા આવા પવિત્ર દિવસમાં લક્ષ્મીજીની કૃપા મેળવવા માટેનો આ ટૂંકો રસ્તો છે. તમે જાતે પ્રયોગો કરીને જલદીથી દુઃખીમાંથી સુખી થઇ શકો છો ”**

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

### ઘરમાં દીવો પ્રગટાવવો

આ દિવસે ઘરમાં કઇ જગ્યાએ દીવો પ્રગટાવવાથી અક્ષય ફળની પ્રાપ્તિ થાય છે... મા લક્ષ્મીનું ઘરમાં આગમન થાય છે. ઘરની ઉત્તર દિશાને ધનના દેવતા કુબેર અને લક્ષ્મીની દિશા માનવામાં આવે છે. અક્ષય તૃતીયા પર આ દિશામાં દીવો પ્રગટાવવાથી ધન, વૈભવ અને સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે. બરકતનો વાસ થાય છે. અક્ષય તૃતીયાના દિવસે શું કરવું શુભ હોય છે?


આ દિવસે બ્રહ્મ મુહૂર્તમાં (રાત્રિનો સમય) દરમિયાન જાગવું જોઈએ. સમુદ્ર અને ગંગામાં સ્નાન કરીને શાંતચિત્ત થઈને ભગવાન શ્રીહરિ વિષ્ણુની વિધિવિધાનથી પૂજા કરવાનું મહત્ત્વ છે. નૈવેદ્યમાં જવ અને ઘઉં, કાકડી, ચણાની દાળ અર્પણ કરવામાં આવે છે. ત્યારબાદ ફળ, ફૂલ, પાત્ર તથા વસ્ત્ર વગેરે દાન કરીને બ્રાહ્મણોને દક્ષિણા આપવામાં આવે છે.

# ‘સૂર્ય’ આજે ‘ઉચ્ચ રાશિમાં’
## પ્રવેશવાથી બાર રાશિઓમાં કેવી અસર જોવા મળશે?

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

જ્યોતિષશાસ્ત્રમાં સૂર્યને સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રહોમાં માનવામાં આવે છે. તેને ગ્રહોનો રાજા કહેવામાં આવે છે. સૂર્યનો સંબંધ-આત્મવિશ્વાસ, માન-સન્માન, પિતા, નેતૃત્વ અને કેરિયર સાથે જોડાયેલો છે. જ્યારે સૂર્ય પોતાની રાશિ બદલે ત્યારે તેની અસર બધી 12 રાશિઓ પર પડે છે. હવે તા. 14 એપ્રિલ 2026ના રોજ લગભગ 9 વાગ્યે ને 38 મિનિટ પર ‘સૂર્ય’ - ‘મેષ રાશિમાં પ્રવેશ’ કરશે. મેષ રાશિ- ‘સૂર્યની ઉચ્ચ રાશિ’ માનવામાં આવે છે, એટલે કે અહીં સૂર્ય મજબૂત સ્થિતિમાં રહેશે. એવામાં આ ગોચરની અસર થોડીક વધારે જોવા મળી શકે છે. સામાન્ય રીતે બધી રાશિઓ પર તેનો પ્રભાવ રહેશે જ પરંતુ ત્રણ રાશિઓ માટે આ સમય ખાસ સારો રહી શકે છે. વૈદિક જ્યોતિષશાસ્ત્રમાં ‘સૂર્ય’ને ગ્રહોનો રાજા સિવાય માન-સન્માન, પિતા, આત્મા, ઊર્જા, સરકારી નોકરી વગેરેનો કારક માનવામાં આવે છે. સૂર્ય એક રાશિમાં લગભગ 30 દિવસ સુધી રહે છે. એવામાં સૂર્યની સ્થિતિમાં પરિવર્તન અસર 12 રાશિઓની સાથે સાથે વૈશ્વિક સ્તરમાં પણ જોવા મળશે. આ સમયે સૂર્ય મીન રાશિમાં શનિ, મંગળની સાથે બેઠેલો છે. એ જ એપ્રિલ મહિનાની મધ્યમાં એટલે કે 14 એપ્રિલે મેષ રાશિમાં પ્રવેશ કરી લેશે. સૂર્યની પોતાની ઉચ્ચ રાશિમાં આવવાની સાથે તે શુક્રની સાથે યુતિ કરશે તેથી ‘શુક્રાદિત્ય રાજયોગ’નું પણ નિર્માણ કરી રહ્યું છે. આ સમયગાળામાં સૂર્ય પોતાની સર્વોત્તમ સ્થિતિમાં હશે. જેનો પ્રભાવ બધી 12 રાશિઓ પર પડશે. શુક્ર અને સૂર્યની યુતિ લગભગ 12 મહિના પછી થાય છે. દરેક વખતે જરૂરી નથી કે તે એક જેવું ફળ આપશે? તમારી કુંડળીમાં ગ્રહોની સ્થિતિ અને એકબીજામાં સંબંધથી નિર્ધારિત થાય છે. આ વિશ્લેષણ ચંદ્ર રાશિના આધારે કરવામાં આવે છે. દ્રિક પંચાંગ અનુસાર સૂર્ય 14 એપ્રિલ 2026, મંગળવારે સવારે 09:38 વાગ્યે મેષ રાશિમાં પ્રવેશ કરશે. જ્યારે તે 15 મે 2026, શુક્રવારે સવારે 06:28 વાગ્યા સુધી રહેશે. ત્યાર બાદ ‘વૃષભ રાશિમાં’ પ્રવેશ કરી દેશે. સૂર્યના આ ગોચરથી જ્યાં એક તરફ સૂર્ય-સકારાત્મક પ્રભાવ આપે છે તો બીજી તરફ મેષ રાશિમાં આવવાથી અહંકાર, જલદીથી નિર્ણય લેવાની પ્રવૃત્તિ અને વ્યવસ્થાઓ સાથે ટક્કર પણ વધી શકે છે.આ ગોચરથી જાતકોનાં મન, પિતા જોડે સંબંધ, સરકારી વગેરે ક્ષેત્રોમાં આત્મવિશ્વાસની સાથે નિર્ણયક્ષમતામાં વધારો થઈ શકે છે. જ્યારે બીજી તરફ હઠ,અહંકારનો પણ વધારો થઈ શકે છે.




### વૈદિક જ્યોતિષમાં સૂર્યનું ઉચ્ચ હોવું તે કેટલું મહત્ત્વપૂર્ણ છે?

સૂર્યનું મેષ રાશિમાં જવું તે જ્યોતિષમાં ઘણો પ્રભાવશાળી માનવામાં આવે છે. વૈદિક જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સૂર્ય ઉચ્ચ રાશિમાં જવાથી તે પૂરી શક્તિની સાથે સારું પરિણામ આપી શકે છે. એટલે કે રાશિનાં જાતકોની કુંડળીમાં સૂર્યની સ્થિતિ સારી હોય, તો તેમને શુભ પરિણામ મળી શકે છે. એ જ પ્રમાણે જેમની રાશિમાં સૂર્યની સ્થિતિ નબળી હોય, તો તેમને ઓછું પરિણામ આપી શકે છે. રાશિ ચક્રની પહેલી રાશિ-મેષનો સ્વામી મંગળ છે. એવામાં મંગળનો પ્રભાવ પણ રહેશે. મેષની બુદ્ધિમત્તા અને ઇચ્છાઓ ઘણી વધારે પ્રભાવિત થઇ શકે છે. 12 રાશિઓનાં જીવનમાં સૂર્ય ઉચ્ચ રાશિમાં પ્રવેશવાથી કેવો પ્રભાવ જોવા મળશે તેનું મેષથી મીન રાશિ પર અસરનું વિશ્લેષણ.



**મેષ રાશિઃ** આ રાશિનાં જાતકો માટે સૂર્યનું ગોચર લાભકારક રહેશે. આ રાશિના લગ્ન ભાવમાં શુક્ર અને સૂર્યની યુતિ બનશે. આવામાં આ રાશિનાં જાતકોના વ્યક્તિત્વમાં નિખાર આવી જશે. માન-સન્માનમાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં તમારો સમય સારો પસાર થશે. એટલું જ નહીં, તમારા કામની કદર-પ્રશંસા થશે.



**વૃષભ રાશિઃ** આ રાશિના બારમા ભાવમાં સૂર્યનું ગોચર થશે. આવામાં આ રાશિનાં જાતકો વિદેશયાત્રા કરી શકે છે. વિદેશમાં તમારું માન-સન્માન વધવાની સાથે ઓળખ તેમ જ કામ પણ મેળવી શકો છો. શત્રુઓ પર વિજય મેળવી શકો છો. કોર્ટ-કચેરીનાં કામમાં પણ સફળતા મેળવશો. નોકરિયાતવાળાં જાતકોને તેમની ઇચ્છા અનુસાર જગ્યા પર ટ્રાન્સફર થઇ શકે છે.



**મિથુન રાશિઃ** આ રાશિના અગિયારમા ભાવમાં સૂર્યનું ગોચર થશે તેથી આ રાશિનાં જાતકોને આવકમાં વધારો થઇ શકે છે. આવામાં આર્થિક સ્થિતિ સારી થશે. એટલું જ નહીં, તેની સાથે સાથે ભવિષ્ય માટે બચત કરવા માટે સફળ થઇ શકો છો. મિત્રોનો પૂરો સાથ મળશે, જેનાથી માનસિક તણાવ ઓછો થશે. વિદ્યાર્થીઓ માટે આ સમયગાળો લાભકારક બની શકે છે. જે વિદ્યાર્થી ભણવા પ્રત્યે ધ્યાન આપે છે તેમને ઘણી સફળતા મળશે.



**કર્ક રાશિ :** આ રાશિના કર્મ ભાવમાં એટલે કે દસમા ભાવમાં સૂર્યનું ગોચર થાય છે. એવામાં નોકરિયાત જાતકો માટે આ સમયગાળો લાભકારક થઇ શકે છે. કેરિયરમાં ઉન્નતિ અને પદોન્નતિ પ્રમોશનના સંકેત મળે છે. આ સિવાય પરિવાર-કુટુંબનો સાથ - સહકાર મળી શકે છે. જેનાથી તમે તમારું લક્ષ્ય હાંસલ કરી શકો છો.




**સિંહ રાશિઃ** આ રાશિના સ્વામી ‘સૂર્ય’ નવમા ભાવમાં ગોચર કરશે. શુક્રની સાથે સંયોગ કરીને સૂર્ય આ રાશિનાં જાતકોને કેટલાંયે ક્ષેત્રોમાં લાભ આપશે. આ રાશિનાં જાતકોને કિસ્મતનો સંપૂર્ણ સાથ મળી શકે છે. ઉચ્ચ શિક્ષણ મેળવવાનું સપનું પૂરું થઇ શકે છે. અધ્યાત્મ તરફ ઝુકાવ રહેશે. જેનાથી તમે કોઇ ધાર્મિક યાત્રાઓ કરી શકો છો.



**કન્યા રાશિઃ** આ રાશિના બારમા ભાવનો સ્વામી થઇને સૂર્ય આઠમા ભાવમાં પ્રવેશ કર્યો છે, જે સામાન્ય રીતે શુભ પરિણામ આપનાર નથી. પરંતુ શુક્રના કારણે તમોને લાભ મળી શકે છે. કોઇ પણ પ્રકારના ધન, રૂપિયા સંબંધી નિર્ણય સમજી -વિચારીને કરવો. એ સિવાય આરોગ્ય માટે સતર્ક રહેવું.



**તુલા રાશિઃ** આ રાશિની કુંડળીના અગિયારમા ભાવનો સ્વામી થઇને સાતમા ભાવમાં સૂર્ય ગોચર કરશે. આવામાં આ રાશિનાં જાતકોનાં લગ્નજીવન અને ભાગીદારીમાં કરવામાં આવતા બિઝનેસમાં લાભ મળી શકે છે. આવામાં લગ્નજીવનમાં થોડીક પરેશાનીઓ આવી શકે છે. પાર્ટનર સાથે કોઇ વાતને કારણે અણબનાવ બની શકે છે. તેથી સંયમથી તમારી વાત કહો. બીજી તરફ વ્યાપાર અને નોકરી સાથે સંકળાયેલ જાતકોને ખૂબ લાભ મળી શકે છે.



**વૃશ્ચિક રાશિઃ** આ રાશિનાં જાતકો માટે સૂર્યનું મેષ રાશિમાં જવું તે જબરજસ્ત લાભ આપી શકે છે. આ રાશિના છઠ્ઠા ભાવમાં સૂર્ય પ્રવેશ કરનાર છે. શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી શકાશે. સરકારી કામોમાં આવતી રુકાવટોમાંથી છુટકારો મળી શકે છે. નોકરિયાત જાતકો માટે આ સમયગાળો અનુકૂળ છે. વરિષ્ઠ અધિકારીઓની સાથે તમારા સંબંધ સારા થઇ શકે છે. પરંતુ આરોગ્ય પ્રત્યે તમારે સતર્ક રહેવું પડશે.




**ધન રાશિઃ** આ રાશિમાં પાંચમા ભાવમાં આજે સૂર્ય પ્રવેશ કરનાર છે. આવામાં આ રાશિનાં જાતકોને કેટલાંયે ક્ષેત્રોમાં લાભ મળી શકે છે. ભાગ્યનો પૂરો સાથ મળશે. આ સિવાય અટકેલાં કામો પૂરાં થઇ શકે છે. સમાજમાં માન-સન્માનમાં વધારો થશે. આવકના નવા સ્રોત ખૂલી શકે છે. વેપારમાં તમારા દ્વારા બનાવવામાં આવેલી રણનીતિ રામબાણ સાબિત થશે.



**મકર રાશિઃ** આ રાશિનાં જાતકો માટે સૂર્યનું ગોચર લાભકારક બનશે. તમારી કુંડળીના ચોથા ભાવમાં પોતાની ઉચ્ચ રાશિ મેષમાં સૂર્ય રહેશે. આવામાં તમારા જીવનમાં અચાનક બદલાવ જોવા મળી શકે છે. સમાજમાં માન-સન્માનનો વધારો થશે. તમારા દ્વારા કોઇ કામ માટે કરવામાં આવતી મહેનતનું ફળ તમોને મળી જશે.



**કુંભ રાશિઃ** આ રાશિના ત્રીજા ભાવમાં સૂર્યનું ગોચર થશે. જ્યાં તે શુક્ર અને બુધની સાથે સંયોગ કરશે. આ ભાવમાં સૂર્ય હોવાથી આ રાશિનાં જાતકોને પરિવાર સાથે સારો સમય પસાર થશે. સમાજમાં માન-સન્માનમાં વૃદ્ધિ થશે. કેરિયરના ક્ષેત્રમાં પણ લાભ મળી શકે છે. પરાક્રમમાં પણ વધારો થશે. તેની સાથે જ કાર્યક્ષેત્રમાં તમારા કામની કદર થશે.



**મીન રાશિઃ** આ રાશિની ગોચર કુંડળીનો બીજો ભાવ એટલે કે ધન ભાવમાં સૂર્ય આજથી ગોચર કરશે. ફસાયેલાં કે અટકેલાં નાણાં પાછાં મળી શકે છે. તેની સાથે જ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલાં જાતકોને અપાર સફળતા મળશે. પરંતુ તમારી વાણી પર સંયમ રાખવો. બનતાં બનતાં કામ કે પછી સંબંધો બગડી શકે છે.